# શ્રીગુરુપદેશ

# શ્રીગુરુના ઉપદેશો

## અમી બંસલ દ્વારા લિખિત વ્યાખ્યા

'શ્રીગુરુ-ઉપાસના'ની અંતર્ગત, આજે, ૨૯ જુલાઈ, ૨૦૨૧ માટે વાક્યાંશ છે, શ્રીગુરુપદેશ — 'શ્રીગુરુના ઉપદેશો'. ગુરુપૂર્ણિમાના પાવન દિવસે આપણા બોધમાં અવસ્થિત કરવા માટે આ કેટલો શ્રેષ્ઠ વાક્યાંશ છે!

સંસ્કૃત શબ્દ, *ઉપદેશ* બે ભાગો મળીને બન્યો છે. પહેલો છે, ઉપસર્ગ 'ઉપ', જે કોઈ વ્યક્તિ અથવા વસ્તુ તરફ આગળ વધવાનું અથવા તેની સમીપ હોવાનું દર્શાવે છે. 'દેશ' શબ્દની વ્યુત્પત્તિ 'દિશ્' ધાતુથી થઈ છે, જેનો અર્થ છે "સંકેત કરવો," "માર્ગદર્શિત કરવું," અથવા "બતાવવું." આ બંને મળીને બનતો શબ્દ, 'ઉપદેશ' એને સૂચવે છે જે એક વ્યક્તિને કોઈ વિશિષ્ટ વસ્તુ તરફ નિર્દેશિત અથવા માર્ગદર્શિત કરે છે. તેથી, 'ઉપદેશ' શબ્દનું ભાષાંતર "માર્ગદર્શન," "શિખામણ," "સૂચન," "દિશાનિર્દેશ" અથવા "સલાહ" તરીકે કરવામાં આવે છે.

ભારતીય શાસ્ત્રોમાં 'ઉપદેશ'ને વિશેષરૂપે શ્રીગુરુના માર્ગદર્શન તરીકે પરિભાષિત કરવામાં આવે છે. જ્યારે વિદ્યાર્થી એટલે કે શ્રીગુરુનો શિષ્ય આ માર્ગદર્શનને સમજી લે છે અને આત્મસાત્ કરીને સક્રિયતાથી તેનું પાલન કરે છે તો તે શિષ્યને ભગવાન તરફ, આત્મજ્ઞાન તરફ દોરી જાય છે.

ભારતીય શાસ્ત્રોની પરંપરામાં સૌથી ઉત્કૃષ્ટ ઉપદેશોમાંથી કેટલાક ઉપદેશ ઉપનિષદોમાં મળી શકે છે. તેમાં મહાવાક્યોનો સમાવેશ થાય છે, ઉદાહરણ તરીકે 'તત્ત્વમસિ' એટલે કે "તું તે છે." 'ઉપનિષદ'નો શાબ્દિક અર્થ છે, "સમીપ બેસવું." 'ઉપનિષદ' અને 'ઉપદેશ' શબ્દોને સાથે રાખીને જોવાથી મનમાં એક સુંદર છબી ઊભરે છે.

આત્મસાક્ષાત્કારી ગુરુની પાસે ભક્તિ અને સમર્પણભાવ સાથે બેસવાથી, શિષ્ય ઉપદેશ પ્રાપ્ત કરે છે — એ દિશાનિર્દેશ અને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે જે તેને આત્મજ્ઞાન તરફ દોરી જાય છે.

ઉપનિષદકાળમાં, શ્રીગુરુના ઉપદેશો માત્ર એ જ શિષ્યોને પ્રાપ્ત થતા જેમનામાં શ્રીગુરુ પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત કરવાની સાચી લલક રહેતી હતી અને જેઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માગતા હતા. એટલા માટે, એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે 'ઉપદેશ'ને સમજવા માટે મૂળભૂતરીતે એ જરૂરી છે કે શિષ્ય તેની સાથે સક્રિયતાથી સંલગ્ન થાય. શ્રીગુરુનું માર્ગદર્શન શિષ્યની અંદર ઊંડે સુધી ઊતરે, શિષ્યને વાસ્તવમાં લક્ષ્ય સુધી લઈ જાય તેના માટે શિષ્યમાં અધ્યયન કરવાની અને શીખવાની ઉત્કટ ઇચ્છા હોવી જોઈએ. શિષ્યમાં શ્રીગુરુના માર્ગદર્શનનું પાલન કરવાની ગહન લલક પણ હોવી જોઈએ. તેનામાં 'મુમુક્ષુત્વ' એટલે કે ભગવાનને જાણવાની, મોક્ષ પ્રાપ્ત કરવાની અદમ્ય અને દૃઢ ઉત્કંઠા હોવી જોઈએ.

ઉપદેશ ત્યારે જ ફળીભૂત થાય છે જ્યારે ગુરુ અને શિષ્ય વચ્ચે સમીપતા હોય છે. એટલા માટે એક શિષ્ય શ્રીગુરુના ઉપદેશોની સાચી શક્તિનો અનુભવ ત્યારે કરે છે જ્યારે તે શ્રીગુરુની સમીપ આવે છે. કદાચ તમે પૂછો કે ‘‘શ્રીગુરુની સમીપ આવવાનો’’ અર્થ શું છે. કઈ-કઈ રીતો દ્વારા શિષ્ય આવું કરી શકે છે? સાચું કહું તો આવું કરવાની ઘણી બધી રીતો છે — ઉદાહરણ તરીકે, શ્રીગુરુ પ્રત્યે ગહન આદરભાવ અને ભક્તિભાવનો વિકાસ કરવો, શ્રીગુરુની સેવા કરવા માટે લાલાયિત રહેવું, શ્રીગુરુની શિખામણોનું ધ્યાનપૂર્વક શ્રવણ કરવું તથા અધ્યયન અને અભ્યાસ માટે સમય કાઢીને તેને પ્રાથમિકતા આપવી.

પ્રાચીનકાળમાં, શ્રીગુરુના ઉપદેશો પ્રાપ્ત કરવા માટે શિષ્યોએ ભૌતિક રૂપે શ્રીગુરુની સમીપ રહેવું પડતું હતું. આજકાલ, ટેક્નૉલોજીને કારણે સિદ્ધયોગ પથ પર આપણે આપણાં શ્રીગુરુનું માર્ગદર્શન જ્યાં પણ હોઈએ ત્યાં પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણું ભૌતિક સ્થાન આપણા માટે બાધા નથી બનતું. જ્યારે આપણે સિદ્ધયોગ પથની વેબસાઇટ જોઈએ છીએ ત્યારે આપણે કલ્પના કરી શકીએ છીએ કે આપણે આપણાં શ્રીગુરુનાં ચરણકમળ પાસે જ બેઠાં છીએ અને શ્રીગુરુની શિખામણોને ગ્રહણ કરવા માટે તત્પર છીએ. અને આ શિખામણોને ગ્રહણ કરીને આપણે તેને આપણા બોધમાં જાળવી રાખીએ છીએ અને તેનું નિરંતર અધ્યયન, મનનચિંતન અને પરિપાલન કરીને તેને આપણા જીવનમાં સાકાર કરીએ છીએ.

***

ભારતીય શાસ્ત્રોમાં આપણને ‘ઉપદેશ’ શબ્દનો બીજો એક અર્થ જોવા મળે છે, અને તે છે, ‘‘દીક્ષા.’’ આનાથી આપણે સમજી શકીએ છીએ કે ભલે શબ્દો ઘણીવાર શ્રીગુરુના ઉપદેશોના વાહક હોય, પરંતુ તેની શક્તિ એ શબ્દો કરતાં ઘણી વધારે હોય છે. શ્રીગુરુના ઉપદેશો તેમની રૂપાંતરણકારી શક્તિનો શિષ્યમાં સીધો સંચાર છે. જો શિષ્ય આ ઉપદેશને, આ માર્ગદર્શનને હૃદયમાં ઉતારવાનો નિશ્ચય કરે, જો તે તેનું અધ્યયન કરવાનો અને તેને પોતાના જીવનમાં કાર્યાન્વિત કરવાનો દીર્ઘકાળ સુધી પ્રયત્ન કરે તો ધીરે-ધીરે આ ગૂઢ પ્રજ્ઞાન તેને બધી સીમિતતાઓથી મુક્ત કરી દે છે — અર્થાત્ એ બધી વસ્તુઓથી મુક્ત કરી દે છે જે તેને તુચ્છ મહસૂસ કરાવે છે, જેમકે પોતાની ક્ષમતાઓ પર સંદેહ, અયોગ્યતાનો ભાવ અને ભય. શ્રીગુરુના ઉપદેશો કૃપાથી પરિપૂર્ણ છે અને તે બધી ભ્રાંતિઓ અને પોતાના વિશે મિથ્યા ઓળખના મૂળ પર જ સીધો પ્રહાર કરે છે.

આત્મા જ આપણું સાચું સ્વરૂપ છે — આના વિશે અજ્ઞાનતા એક એવી ખોટી અવધારણાથી ઉત્પન્ન થાય છે જેનાં મૂળ જન્મ-જન્માંતરોથી આપણી અંદર ઊંડે સુધી જામી ગયાં છે. માત્ર સાંસારિક જ્ઞાન અથવા કર્મ આ અજ્ઞાનને નષ્ટ નથી કરી શકતું. એટલા માટે જ શ્રીગુરુના ઉપદેશો અમૂલ્ય છે અને એટલા માટે જ શિષ્યે તેના મહત્ત્વને ઓળખવું અને તેનો અંગીકાર કરવો અનિવાર્ય છે.

એક શિષ્ય માટે એ વિષય પર મનનચિંતન કરવું હંમેશાં લાભદાયક છે કે તે શ્રીગુરુના ઉપદેશોને કેવી રીતે ગ્રહણ કરી રહ્યો છે. શિષ્ય સ્વયંને પૂછી શકે છે : "શ્રીગુરુ જે કહી રહ્યાં છે તે મારા અને મારા જીવન માટે ઉચિત અને સુસંગત છે, શું હું ખરેખર એવું માનીને તેમના શબ્દોનો સાચા અર્થમાં સ્વીકાર કરી રહ્યો છું? શ્રીગુરુ મને જે શીખવી રહ્યાં છે, શું હું તેને સમજી રહ્યો છું? શ્રીગુરુ જે કહી રહ્યાં છે, શું હું તેને સમગ્રતાથી સાંભળી રહ્યો છું? કે પછી હું ફક્ત એ જ વાત પસંદ કરીને ગ્રહણ કરી રહ્યો છું જે કોઈ ખાસ ક્ષણમાં મને પ્રભાવિત કરી રહી છે? શું હું ફક્ત એ અંશ પર કેન્દ્રણ કરી રહ્યો છું જેનું પરિપાલન કરવાનું મને સહેલું લાગે છે, અથવા જે મને કોઈ વિશેષ સમયે મારા માટે 'જરૂરી' લાગે છે?"

સિદ્ધયોગ પથના વિદ્યાર્થીઓ તરીકે, આપણે સ્વયંને સમય-સમય પર આવા પ્રશ્નો પૂછવા જોઈએ અને આપણે તેના ઉત્તરો વિશે સ્વયં સાથે પ્રામાણિક રહેવું જોઈએ. આપણે આપણી સાધનાની પૂરેપૂરી જવાબદારી લેવી જોઈએ. જ્યારે આપણે શ્રીગુરુના ઉપદેશો પર પૂરો વિશ્વાસ રાખીએ છીએ અને નિષ્ઠાપૂર્વક તેની સાથે કાર્યરત થઈએ છીએ તો આપણે એક ગહન આંતરિક અન્વેષણ કરવા માટે પ્રેરિત થઈએ છીએ. અને જ્યારે આપણે દિન-પ્રતિદિન આ અન્વેષણ કરતાં રહીએ છીએ તો આપણે આપણી અંદર ધીમે-ધીમે એક રૂપાંતરણનો અનુભવ કરવા લાગીએ છીએ.

બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મ એટલે કે સર્વાત્માનું વર્ણન *નેતિ, નેતિ* અથવા "આ નહીં, આ નહીં"[1]ના રૂપે કરવામાં આવે છે. વાત એમ છે કે જે બાહ્ય ઓળખને આપણે આત્મા સાથે જોડીએ છીએ, તેના આધારે આત્માને પરિભાષિત કરી શકાતો નથી અને એટલા માટે જ આત્માના *અનુભવ* જેવો કોઈ અનુભવ નથી. તેથી, સાધનામાં શ્રીગુરુના ઉપદેશરૂપી માર્ગદર્શનનું અનુસરણ કરતાં-કરતાં, આપણે કોણ અને શું નથી, એ ઓળખનાં આવરણો આખરે દૂર થઈ જાય છે અને આપણું સાચું સ્વરૂપ ચમકી ઊઠે છે.

શ્રીગુરુમાઈના ઉપદેશો અનેકાનેક રીતે આપણા સુધી પહોંચે છે. તેમનું માર્ગદર્શન તેમની મૌખિક અને લિખિત શિખામણોમાં, તેમનાં મૌનમાં, તેમનાં સામાન્ય લાગતા વાર્તાલાપો અને હાવભાવમાં પણ નિહિત છે. આપણાં ધ્યાનમાં, સ્વપ્નોમાં અને પ્રકૃતિમાં આપણને ગુરુમાઈજીના જે અનુભવો થાય છે તેમાં પણ તેમના ઉપદેશો હોઈ શકે છે. ગુરુમાઈજીના શિષ્યો તરીકે, એ આપણી પવિત્ર જવાબદારી છે કે આપણે શ્રીગુરુના ઉપદેશોને એ બધાં જ રૂપોમાં ઓળખીએ-સમજીએ જે રૂપમાં તેઓ આપણને આ ઉપદેશો આપી રહ્યાં છે અને તેનું અધ્યયન કરવા માટે, તેની સાથે કાર્યરત થવા માટે આપણે તૈયાર અને તત્પર રહીએ.

વર્ષો પહેલાં, ધ્યાનમાં મેં જોયું હતું કે હું ગુરુદેવ સિદ્ધપીઠમાં ગુરુસેવા કરી રહી છું. હું જે રૂમમાં હતી ત્યાં ગુરુમાઈજી આવ્યાં અને હું આદરપૂર્વક ઊભી થઈ ગઈ. તેમની આસપાસ સ્વર્ણિમ પ્રકાશનું એક કિરણ ચમકી રહ્યું હતું. પછી તેમણે મને શ્રીગુરુના ઉપદેશો, શ્રીગુરુના માર્ગદર્શનના સ્વરૂપ વિશે સમજાવ્યું.

ગુરુમાઈજીએ કહ્યું, “શ્રીગુરુના ઉપદેશોનો, શ્રીગુરુના માર્ગદર્શનનો ઉદ્ભવ ભગવાનના પ્રકાશમાંથી થાય છે. જ્યારે એક વ્યક્તિ એ માર્ગદર્શનને વાસ્તવમાં આત્મસાત્ કરે છે ત્યારે એ માર્ગદર્શન ફરીથી ભગવાનના પ્રકાશમાં પરિવર્તિત થઈ જાય છે. આ રીતે, શ્રીગુરુનું માર્ગદર્શન સાધકને દિવ્ય પ્રકાશનો અનુભવ કરાવે છે.”

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[૧] બૃહદારણ્યક ઉપનિષદ, ૨.૩.૬.